GJSR010031512026

ફાઈલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
દાખલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ: ૧૩/૦૩/૨૦૨૬
અવધિ: વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૪

**મહેરબાન સુરતના બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૭૫૮/૨૦૨૬**

**આંક :–**

**અરજદાર :** **દેવાંગ હરીશકુમાર ચેવલી**
ઉ.વ. :૪૦ , ધંધો : નોકરી,
રહેવાસી : ૧૪૪, નસરવાનજી સોસાયટી,
સિધ્ધી વિનાયક મંદીરની પાસે,
ભાઠેના પાંડેસરા, સુરત.
(હાલ રહે.જીલ્લા જેલ,લાજપોર,સુરત.)

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી સી.એન.મહેતા**

**સામાવાળાના વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા**

**બાબત :–**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજ

-: **ચુકાદો** :-

(૧) આ કામના અરજદાર સામે ઉમરા પો.સ્ટે. પાર્ટ એ ગુ.રજી.નં.૧૧૨૧૦૦૪ ૮૨૫૧૨૧૭/૨૦૨૫ બી.એન.એસ.કલમ ૩૧૬(૫),૩૧૮(૪),૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨),૩૩૮,૩૩૯ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાના કામે પોલીસે આ કામના અરજદારની તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરી તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ કોર્ટમાં રજુ કરી પોલીસે રીમાન્ડની માંગણી કરતા ટ્રાયલ કોર્ટે તા.૧૧/૧૨/૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજુર કરેલા ત્યારબાદ રીમાન્ડ સમયે પુરે થયે કોર્ટમાં રજુ કરતા કોર્ટે અરજદારને જેલમાં મોકલી આપેલા અને અરજદાર હાલ જેલમા હોય રેગ્યુલર જામીન મેળવવા અરજદારે નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબની હાલની જામીન અરજી કરી છે.

(૨) અરજદાર તરફે અરજદારના વિ.વ.શ્રી સી.એન.મહેતા નાઓને સાંભળ્યા. તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, અરજદારે કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી આઈ.સી. આઈ.સી.આઈ. બેંકમાં મેનેજર છે. બનાવ સને ૨૦૧૬ થી ૨૦૨૪ ના અરસામાં બનેલ છે. ફરીયાદ બનાવના આશરે ૧૦ વર્ષના વિલંબ બાદ આપેલ છે.આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને પોલીસે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે. ફરીયાદીના પિતા સાથે કોઈ ચીટીંગ કે છેતરપીંડી કરેલ નથી કે કોઈ પણ પ્રકારના બોગસ કે ફોર્જડ પુરાવા બનાવેલ નથી. અરજદાર/ આરોપીએ દસ લાખ ફરીયાદીને પરત આપી દીધેલ છે. અરજદાર/ આરોપીએ તપાસમાં સાથ સહકાર આપેલ છે. અરજદાર/આરોપી વિરુધ્ધનો કેસ ચાલતા ઘણો લાંબો સમય જાય તેમ છે. અરજદારના શહેર સુરતના સ્થાનીક રહીશ છે.અરજદારને ૧.૫ વર્ષનો

પુત્ર છે, પરીવારમાં એકમાત્ર આધારભુત કમાનાર વ્યકિત છે. અરજદારના શીરે તેઓના પરીવારની જવાબદારી છે. વધુમા આ કામના અરજદાર કોર્ટમાં નિયમીત હાજર રહેશે,કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેર હકીકતે અરજદારને યોગ્ય શરતોને આધીન રેગ્યુલર જામીન મુકત કરવા રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા ને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, આ કામના અરજદાર/આરોપીએ બેંક મેનેજરની હેસીયતથી ભોગબનનારને (૯૦ વર્ષન વડીલ) બોગસ સ્ટેટમેન્ટો બતાવી તે સ્ટેટમેન્ટો પોતાની પાસે રાખી ત્યારબાદ તે સ્ટેટમેન્ટ સાચા છે તેમ જણાવી બોગસ સ્ટેટમેન્ટોમાં સહી કરી તે સ્ટેટમેન્ટો ફરીયાદીશ્રીને આપી ભોગબનનારના રૂ.૮૩,૮૭,૨૬૩/- (રૂપિયા ત્યાંસી લાખ સત્યાસી હજાર બસો ત્રેંસઠ) પોતાના અંગત ખર્ચમાં વાપરી નાખી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ભોગબનારની તમામ રકમ રીકવર કરવાની બાકી છે. ભોગબનાર ૯૦ વર્ષના છે જેઓ હાલ પથારીવશ છે. અરજદાર/ આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ભોગબનનારની માતબાર રકમ સગેવગે કરી આ કામના મહત્વના સાક્ષીઓ પંચો તેમજ અન્ય પુરાવાઓ સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે ધાક ધમકીઓ કે કોઈ રીતે નુકશાન પહોચાડી તપાસ ગેરમાર્ગે દોરશે. તેમજ અરજદાર/આરોપી ઈન્સાફી કાર્યવાહી વખતે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી શકે તેમ ન હોય અને જામીન મુકત થયા બાદ પણ ફરીથી આવા પ્રકારના ગુનાઓ આચરશે તેવી પુરેપુરી શકયતા રહેલી છે. તેમજ અરજદાર/આરોપીનો ગુનામાં સક્રિય રોલ છે જેથી અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની અરજી રદ કરવા

રજુઆત કરી છે.

(૪) અરજદારની અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તેમજ તપાસના કાગળો તથા બંને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા. આ ગુનાની હકીકત ધ્યાને લેવામા આવે તો આ કામના અરજદાર/આરોપી (રીલેશનશીપ મેનેજર ) સપ્ટેમ્બર/૨૦૧૭ થી ફેબ્રુઆરી/૨૦૨૧ સુધી ઈકવીટાસ સ્મોલ ફાયનાન્સ બેંક ઉધના દરવાજા ખાતે બ્રાંચ મેનેજર તરીકે જુન/૨૦૨૧ થી એપ્રિલ/૨૦૨૨ સુધી ફીનકેર સ્મોલ ફાયનાન્સ બેંક અડાજણ ખાતે સીનીયર મેનેજર તરીકે તથા તા.૧૮/૦૪/૨૦૨૨ થી મોતીલાલ ઓસ્વાલ ફાયનાન્સીયલ સર્વીસીસ ઉધના દરવાજા ખાતે મેનેજર તરીકે નોકરી કરતા હોય તે દરમિયાન ફરીયાદીના પિતાજી બાડાના ચંદ્રેશેખર નાયડુ સુર્યનારાયણ નાયડુ ઉ.વ.૯૦ ના એસ.બી.આઈ. એકાઉન્ટમાંથી રૂ.૮૩,૮૭,૨૬૩/- (રૂપિયા ત્યાંસી લાખ સત્યાસી હજાર બસો ત્રેંસઠ) ઉપાડી તે પૈસા પોતાના બે આર.બી.એલ.ક્રેડીટ કાર્ડમાં મેળવી પોતાના અંગત ખર્ચમાં વાપરી નાખી તે અંગેના અલગ અલગ મ્યુચલ ફંડસના બોગસ અને બનાવટી સ્ટેટમેન્ટો બનાવી જેમા તા.૦૧/૦૩/૨૦૨૪ ના રોજના આરોપીની પત્ની PIXXXXXXXXXXXXXLI(PINLKYDEVANGC CHEVALI) નુ ના રહી ગયેલ હોય જે તે વખતે ફરીયાદના પિતાશ્રીને તે બોગસ સ્ટેટમેન્ટો બતાવી તે સ્ટેટમેન્ટો પોતાની પાસે રાખી ત્યારબાદ તે સ્ટેટમેન્ટ સાચા છે તેમ જણાવી પોતે બોગસ સ્ટેમેન્ટોમાં સહી કરી તે બોગીસ સ્ટેટમેન્ટો ફરીયાદીશ્રી ને આપી ફરીયાદી તથા ભોગબનનાર સાથે છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫) આરોપીએ ગુનાહીત ઈરાદા સાથે ફરીયાદીના માતા-પિતાની રકમ પોતાના

નામે ટ્રાન્સફર કરાવી મ્યુચલ ફંડમાં પોતાના નામે મુકેલ છે. તેમજ આરોપીએ જે રોકણ કરેલ તેમા નોમીની તરીકે પોતાની (આરોપીની પત્ની) નુ નામ લખાયેલ. આમ, આરોપીનો ઈરાદો પ્રથમથી ફરીયાદીના પિતાના નાણા પચાવી પાડવાનો હતો. આરોપીએ દસ લાખ ચુકવી આપેલ અને બાકીના રૂ.૬,૫૦,૦૦૦/– ચુકવવાની બાંહેધરી આપે છે,પરંતુ આ હકીકત આ તબકકે ધ્યાને લઈ શકાય નહી. પરંતુ જામીન અરજી નિર્ણય કરતા સમયે જે માર્ગદર્શક સિધ્ધાંતો નામદાર ઉચ્ચ અદાલતે મંજુર કરેલ છે તેને ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે. તેમજ ચાર્જશીટ બાદ પણ સંજોગો કે કારણોમાં બદલાવ આવેલ નથી. તેમજ આરોપી સામે ગંભીર ગુનાનો આરોપી છે જેમા આરોપી સંડોવાયેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે. આમ, આરોપી સામેની ગુનાની ગંભીરતા,ગુનામાં ભૂમિકા ધ્યાને લેતા આરોપીને જામીનઉપર મુકત કરવાનું ઉચીત કારણ જણાતું નથી જેથી અરજદારની હાલની અરજી મંજુર થવા પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના અરજદાર **દેવાંગ હરીશકુમાર ચેવલી** ની હાલની નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૩/૨૦૨૬
સુરત.

**(આર.આર.ભટ્ટ)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608